# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-05-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# COMPLETED SECONDARY S.S.BOARD EXAM

ગૌણ સેવા પસંદગી મંડળની જૂનિયર ક્લર્ક, સિનિયર ક્લર્ક તથા હેડ ક્લર્કની પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થઈ હોવાની માહિતી ગૌણ સેવા પસંદગી મંડળના સચિવ હસમુખ પટેલે આપી હતી. શ્રી પટેલે જણાવ્યું કે, 71 શિફ્ટમાં 19 દિવસ દરમિયાન આ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. અને હવે ગૃપ એ અને બીની મુખ્ય પરીક્ષા લેવામાં આવશે.

શ્રી પટેલે જણાવ્યું કે, અંદાજિત 30 જૂનની આસપાસ પ્રાથમિક પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવશે. વિવિધ 21 કેડરની ભરતી માટેની આ પ્રાથમિક પરીક્ષા પૂર્ણ થઈ છે.

જુલાઈમાં મેરિટ જાહેર કરવામાં આવશે. જ્યારે ગૃપ બીની પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજવાનું આયોજન છે. ગૃપ એ અને બીનો અભ્યાસક્રમ વેબસાઈટ પર અપલોડ કરવામાં આવ્યો છે.

# COTTON GUIDELINES

રાજ્યમાં કપાસ પાકના આગોતરા વાવેતર માટે ખેતી નિયામકની કચેરીએ માર્ગદર્શિકા જાહેર કરી છે. આ માર્ગદર્શિકા મુજબ, ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાઈસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઈ પણ પરિસ્થિતિમાં લાઈસન્સ કે પરવાનો ન ધરાવતા વ્યક્તિ, પેઢી કે ફેરિયાઓ પાસેથી ક્યારેય બિયારણની ખરીદી ન કરવી.

વધુમાં જણાવ્યાનુસાર, રાજ્યમાં કપાસ પાકનાં વાવેતર માટે જરૂરી બિટી કપાસના બિયારણોનો અને રાસાયણિક ખાતરોનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેડૂતોએ કપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવુ જેથી સંભવિત જોખમ નિવારી શકાય.

અત્રે ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં સંભવિત 19મી જૂને ચોમાસું શરૂ થઇ શકે છે. જેને લઇ આ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

## DAMAN PREMOONSOON

દમણ અને દાદરાનગર હવેલી વહીવટીતંત્ર દ્વારા ચોમાસાની ઋતુમાં થતા પાણી ભરાવાની પરિસ્થિતિને પહોંચી વળવા અત્યારથી જ કામે લાગી ગયું છે. તંત્ર દ્વારા વિવિધ સ્તરે ટીમ બનાવવામાં આવી છે. ચોમાસામાં આપાતકાલિન સ્થિતિના નિવારણ માટે આ ટીમ સજ્જ રહેશે. તંત્ર દ્વારા મુશ્કેલીના સમય માટે અધિકારીઓના નામ અને સંપર્ક નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે.

## OATH OF INFORMATION OFFICER

ગાંધીનગરમાં માહિતી નિયામકની કચેરી ખાતે કર્મયોગીઓ દ્વારા આજે આતંકવાદ વિરોધી દિવસ નિમિત્તે આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ કરવાના શપથ લેવાયા હતાં.

આજે સવારે ગાંધીનગર ખાતે માહિતી નિયામકની કચેરીમાં માહિતી નિયામક કે. એલ. બચાણીની ઉપસ્થિતિમાં કર્મયોગીઓ દ્વારા દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓનો વિરોધ તેમ જ કોઈ પણ પ્રકારની હિંસાથી દૂર રહેવાના સામૂહિક રીતે શપથ લેવામાં આવ્યા હતા.

## DADRA NAGAR HAVELI- BAD CONDITION OF ROADS

દાદરાનગર હવેલીમાં રસ્તાઓની બિસ્માર હાલતને જોતા અહીંનાં સાંસદ કલા ડેલકરે કલેક્ટરને પત્ર લખી રસ્તાઓના સમારકામ કરાવવાની માગ કરી છે. સાંસદે પત્રમાં આગામી ચોમાસાની સ્થિતિને જોતા ખરાબ રસ્તાઓના કારણે લોકોને પડતી હાલાકીને ધ્યાને લેતા વરસાદ પૂર્વે ખાડા પૂરી દેવાય અને સમારકામ થાય એ માટે માગ કરી છે.

# MORBI PANI VITRAN

મોરબી નગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિસ્તારમાં વધુમાં વધુ 36 કલાકના સમયાંતરે પાણી મળી રહે તે માટે વહીવટી તંત્ર કટિબદ્ધ છે, જેની મોરબીની જાહેર જનતાએ નોંધ લેવા તથા પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર સંદિપકુમાર વર્માની યાદીમાં જણાવવામાં આવ્યું છે.પાણીનું વિતરણ  યોગ્ય સમયે થઈ શકે તે માટે પમ્પિંગ પણ વધારવામાં આવ્યું છે.

# BHAVNAGAR WILDLIFE

ભારતીય રેલવેના લોકો-પાઈલટે સાવરકુંડલા-ગાધકડા સેક્શન વચ્ચે રેલવે ટ્રેકની બાજુમાં સિંહને જોતાં ઈમરજન્સી બ્રેક લગાવી ટ્રેનને રોકી સિંહનો જીવ બચાવ્યો હતો. ભાવનગર ડિવિઝનના વરિષ્ઠ DCM માશૂક અહમદે જણાવ્યું કે, તાજેતરમાં લોકો-પાયલટ મહેશ બલોલિયા ગુડ્ઝ ટ્રેન પર કામ કરતા સમયે સવારે પાંચ વાગ્યાની આસપાસ રેલવે ટ્રેકની બાજુમાં સિંહને જોતા તેમનો જીવ બચાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભાવનગર રેલવે મંડળ સિંહ સહિતના વન્યજીવોના સંરક્ષણ માટે સતત પ્રયાસ કરી રહ્યું છે.

# IPL MATCH

આજથી આઇપીએલનો પ્લેઓફ રાઉન્ડ શરૂ થશે. પ્રથમ ક્વોલિફાયર મેચ આજે રાત્રે 7-30 કલાકે અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલકાતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે. બંને ટીમો લીગ તબક્કાના પોઇન્ટ ટેબલમાં અનુક્રમે પ્રથમ અને દ્વિતિય ક્રમે છે.

આજની મેચ જીતનારી ટીમ સીધી ફાઇનલમાં પ્રવેશશે, જ્યારે હારનાર ટીમ બુધવારે આરસીબી અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે રમાનારી મેચની વિજેતા ટીમ સામે રમશે.

# KACHCH- SAND SCULPTURE FESTIVAL

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા માંડવી ખાતે રેત શિલ્પ મહોત્સવનું આયોજન કરાયું હતું.

કચ્છના જાણીતા રેત શિલ્પ કલાકાર અનિલભાઇ જોષી મુખ્ય કલાકાર તરીકે રહ્યા હતા, અને એમની સાથે કચ્છના સ્થાનિક નવ જેટલા કલાકારોએ ભાગ લીધો હતો. અને સુંદર રેત શિલ્પ બનાવ્યા હતા. સ્થાનિક લોકો તેમજ પ્રવાસીઓ આ રેત શિલ્પને નિહાળી રોમાંચિત બન્યા હતા. આ મહોત્સવમાં કચ્છ સંસ્કૃતિને લગતા શિલ્પો જેવા કે જેસલ જાડેજા, આઇ લવ કચ્છ, રણનું વાહન, કચ્છ સંસ્કૃતિ, પાળિયા દેવ, હાજી કાસમ અને વીજળી, ફ્લેમિંગો જેવા વિવિધ વિષયો પર સુંદર રેત શિલ્પો રજૂ કરાયા હતા.